ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

પરિપત્ર:

વિષય: વર્ષ: ૨૦૨૫-૨૬ની રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)" શિષ્યવૃત્તિ અંગે લાભ મેળવવા જાણકારી આપવા બાબત.

સંદર્ભ: ૧) કેસીજી અમદાવાદના પત્ર ક્રમાંક/MYSY/૨૦૨૫-૨૬ /૫૩૫, તા. ૨૮/૦૮/૨૦૨૫, મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)" શિષ્યવૃત્તિ અંગે લાભ મેળવવા બાબત.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો/યુનિવર્સિટીઓ/ આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) વર્ષ ૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. તો આપશ્રીની કોલેજમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને આ અંગે માહિતગાર કરવા જણાવવામાં આવે છે. અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે તે માટે અત્રેની યુનિવર્સિટી તેમજ સંલગ્ન કોલેજો ખાતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) ની બહોળી પ્રસિદ્ધિ થાય તે માટે આ સાથે સામેલ જાહેરાત નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે.

ખાસ નોંધ : મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) ની બહોળી પ્રસિદ્ધિ થાય તે માટે આ સાથે સામેલ જાહેરાત નોટીસ બોર્ડ પર મુકવી ફરજીયાત છે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

કા.કુલસચિવ

બિડાણ:-

- સંદર્ભ ક્રમાંક 1 ની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૫૫૫/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.વર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૧/૦૯/૨૦૨૫

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

નકલ સાદર રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

**Knowledge Consortium of Gujarat**
Department of Education, Government of Gujarat

ક્રમાંક:કેસીજી/MYSY/૨૦૨૫-૨૬/535 તા.૨૮/૦૮/૨૦૨૫

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય.

To Registrar ... MS

વિષય: રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)" શિષ્યવૃત્તિ અંગે લાભ મેળવવા જાણકારી આપવા બાબત.

માન. સાહેબશ્રી,

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) વર્ષ ૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે પાત્રતાના ધોરણો નીચે મુજબ છે.

- **ફ્રેશ (પ્રથમ વર્ષના) વિદ્યાર્થીઓ માટે:**
  1. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ,
  2. ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓ,
  3. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ.
  4. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

- રીન્યુઅલ (બીજા, ત્રીજા કે ચોથા વર્ષના) વિદ્યાર્થીઓ માટે:
  1. ફ્રેશ વિદ્યાર્થી તરીકે લાભ મેળવ્યા બાદ રિન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે વર્ષમાં ઓછામાં ઓછા ૫૦% સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે.
  2. જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. (પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે).
  3. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

VC OFFICE
Inward No. 155
Dt. 29/8/2025

Pragna Puram Campus, Opp. PRL, Between Govt. Girls Polytechic and L.D College of Engineering, Navrangpura, Ahmedabad-380015.
Ph. +91 7926302067 E-mail : info-kcg@gujarat.gov.in www : kcg.gujarat.gov.in



Education Department
Government of Gujarat



# મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)

## હેતુ

ગુજરાત રાજ્યના તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય પૂરી પાડવી.

## પાત્રતાનાં ધોરણો

- ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ
- ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓ માટે ડીપ્લોમાની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા
- MBBSમાં NEETના આધારે એડમિશન
- રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક

## યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- ટ્યુશન ફી સહાય (રૂ.૧૦,૦૦૦/- થી ૨,૦૦,૦૦૦/- સુધીની) અભ્યાસક્રમ મુજબ વાર્ષિક ધોરણે
- રહેવા-જમવાની સહાય (રૂ.૧૨,૦૦૦/-) વાર્ષિક ધોરણે
- સાધન-પુસ્તક સહાય(રૂ.૩,૦૦૦/- થી ૧૦,૦૦૦/- સુધીની) અભ્યાસક્રમ મુજબ પ્રથમ વર્ષે

Visit For More Information: **https://mysy.gujarat.gov.in/**